ગાંધીનગર સમાચાર

**સેક્ટર-૨૨માંથી ડેન્ગ્યુનો કેસ મળ્યો**

# જિલ્લામાંથી ચાંદીપુરમનો કેસ મળતાં હડકંપ

**પાનસરની અઢી વર્ષની દિકરીને ચાંદીપુરમ પોઝીટીવ હોવાનું પૂનાની લેબોરેટરીના રિપોર્ટમાં કન્ફર્મ થતાં તંત્ર હરકતમાં**

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના પાનસર ગામની એક ૨.૫ વર્ષની દિકરીને ચાંદીપુરમ પોઝીટીવ આવતાં જિલ્લાનું આરોગ્ય તંત્ર ચોંકી ઉઠ્યું છે અને હરકતમાં આવેલા તંત્રએ આ અંગે સઘન સર્વેલન્સના આદેશ જારી કર્યા છે.

મળતી વિગતો પ્રમાણે પાનસર ગામની આ દિકરીને પહેલા સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં અને આ પછી અમદાવાદ સિવિલમાં દાખલ કરવામાં આવેલ હતી. જ્યાંથી તેના લોહીના નમુના પૂનાની વાઈરોલોજી ઈન્સ્ટીટ્યુટમાં ચકાસણી માટે મોકલવામાં આવતાં આજે તેનો રિપોર્ટ પોઝીટીવ આવતાં જિલ્લાનું આરોગ્ય તંત્ર કામે લાગ્યું છે.

પાનસરમાંથી મળી આવેલા આ કેસને લઈ જિલ્લાનું આરોગ્ય તંત્ર પણ ચોંકી ઉઠ્યુ છે. ખાસ કરીને પશુપાલન વધુ હોય અને વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થાનો અભાવ તેમજ કાચા મકાનોમાં આ રોગ ફેલાવતી લેન્ડફ્લાય થતી હોય છે.

જિલ્લા અને રાજ્યકક્ષાની એન્ટોમોલોજીસ્ટની ટીમો આજે પાનસર પણ જઈ રહી છે. રેતીની માખીથી થતો આ રોગ સામાન્યતઃ તે કાચા મકાનોની તિરાડોમાં રહેતી હોય છે. ૨૦૧૪માં આવો કેસ દહેગામ તાલુકામાં નોંધાયો હતો. બે વર્ષ બાદ હવે તે કલોલ તાલુકામાં નોંધાયો છે.

મળતી વિગતો પ્રમાણે આ સેન્ડ ફ્લાય કરડવાથી મગજનો તાવ આવતો હોય છે તેમજ માથુ અને સાંધાના દુઃખાવાની ફરિયાદ દર્દી કરતો હોય છે. આજે સવારે એન્ટોમોલોજીસ્ટોની ટીમ આ સેન્ડ ફ્લાય મળે તો તેને પકડી અને આગળ રોગને વધતો અટકાવવાની દિશામાં શુ પગલા લેવા તેની ચર્ચાઓ કરશે.

અમદાવાદ સિવિલમાંથી આ દિકરી ત્રણ દિવસ પૂર્વે જ રજા લઈ અને ઘરે જતી રહી હોવાની વિગતો પણ બહાર આવવા પામી છે. જો કે જિલ્લા તંત્રની ટીમ દ્વારા આજે સઘન સર્વેલન્સના આદેશો જારી કરવામાં આવ્યા છે. ગામમાં કાચા મકાનો અને તિરાડો ધરાવતા જે મકાનો છે તેનો ખાસ સર્વે કરવામાં આવશે તેમ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લાના આરોગ્ય તંત્રની એક ટીમ પણ સવારે પાનસર પહોંચી રહી છે.

જિલ્લામાં ચાંદીપુરમ રોગને લઈ તાજેતરમાં જ દહેગામ ખાતે જિલ્લાના તબીબી અધિકારીઓને સતર્ક રહેવા માટેની સૂચનાઓ આપી આખો વર્કશોપ યોજવામાં આવ્યો હતો જે ઉલ્લેખનીય છે. ચાંદીપુરમના કેસો સામાન્યતઃ ચોમાસા દરમ્યાન જ નોંધાતા હોય છે.




ધુમ્મસ - મોડીસાંજથી જ શહેરમાં ભેજનું પ્રમાણ વધતા ધુમ્મસનું વાતાવરણ સર્જાયું હતું... ઘેરા ધુમ્મસના કારણે રાહદારીઓને અને વાહન ચાલકોને પણ હાલાકી પડી હતી... સૂર્યોદય બાદ ધીમેધીમે ધુમ્મસ ઓછું થતાં વાહન ચાલકોને વાહન ચલાવવામાં સરળતા સર્જાઈ હતી....

# ૧ ઉમીએ ગાંધીનગર આવતા અડવાણી

ગાંધીનગર, તા. ૪

આગામી ૧ ઉમી ઓગષ્ટના રોજ ગાંધીનગરના સાંસદ લાલકૃષ્ણ અડવાણી ગાંધીનગર આવી રહ્યા છે.



જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી સહિત કેન્દ્ર પુરસ્કૃત ૨૭થી વધુ યોજનાઓની સમીક્ષા બેઠકમાં હાજરી આપવા તેઓ આવી રહ્યા છે. મળતી વિગતો મુજબ "દિશા" નામક આ સમીક્ષા બેઠક જે અગાઉ વીજીલન્સ એન્ડ મોનીટરીંગ સેલની મળતી હતી તેજ પેટર્ન પર યોજવામાં આવનાર છે. માત્ર નામ બદલાયુ છે એટલુ જ નહિ સમીક્ષા દરમ્યાન ચર્ચાનો વ્યાપ પણ વધારવામાં આવ્યો છે.

સ્માર્ટ સીટી, મનરેગા, આદર્શ ગ્રામ, અમૃતમ યોજના, આવાસ યોજના સહિત અન્ય કેટલીક યોજનાઓમાં થયેલી કામગીરીની સમીક્ષા આ બેઠકમાં કરવામાં આવશે. મળતી વિગતો પ્રમાણે જિલ્લાતંત્ર દ્વારા આ અંગેની તૈયારીઓ પણ હાથ ધરી દેવામાં આવી છે.

૧ ઉમીએ બપોરે ૩ વાગે આ બેઠક ગાંધીનગર સરકીટ હાઉસ ખાતે યોજાશે. જેમાં જિલ્લાતંત્ર, ધારાસભ્યો, સાંસદો, જિલ્લા પંચાયત પ્રમુખ, સામાજિક ન્યાય સમિતિના ચેરમેન સહિતના અન્ય પદાધિકારીઓ પણ ઉપસ્થિત રહેશે.



ટ્રીમીંગ - શહેરના મુખ્ય માર્ગો સેન્ટ્રલ વર્જમાં આડેધડ વિકસેલ ઘાસ અને છોડનું ટ્રીમીંગ પુરજોશમાં ચાલી રહ્યું છે... ચોમાસાની મોસમમાં ઘાસચારો વ્યાપક પ્રમાણમાં શહેરમાં વિકસે છે... ત્યારે વાહન ચાલકોને હાલાકી ન સર્જાય તે માટે ટ્રીમીંગ દ્વારા સરળતા ઉભી કરવાનો પ્રયાસ તંત્ર દ્વારા હાથ ધરાયો છે...

# મહાત્મા મંદિર વિસ્તારમાં ટ્રાફિકને અટકાવવા માટે રેલવે સ્ટેશન માટે નવો રસ્તો બનશે

**વાવોલ પાસે ગુડાના હયાત રસ્તાથી રેલવે લાઇનને સમાંતર માર્ગનુ રોડ નં ૫ સાથે જોડાણ કરાશે**

ગાંધીનગર તા ૪

વાવોલ ગામ પાસે ગુડાના રસ્તાની રેલવે લાઈનને સમાંતર રેલવે સ્ટેશનથી રોડ નં ૫ ને જોડતા નવિન રસ્તાનુ કામ હાથ ધરાશે અલબત્ત રેલવે સ્ટેશન જવા માટે મહાત્મા મંદિરના વિસ્તારમા ટ્રાફિકની અવરજવર અટકાવવા માટે રેલવે સ્ટેશનને નવો રસ્તો મળશે. આ કાર્યયોજના પાછળ અંદાજીત રૂ ૫ કરોડનો ખર્ચ થશે.

ગાંધીનગરમાં રેલવે સ્ટેશન વિસ્તાર તરફ જવાના રસ્તો જાણે ભુસાઇ ગયો હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. જયારે મહાત્મા મંદિર અસ્તિત્વમાં આવ્યા બાદ રેલવે સ્ટશન જવાના માર્ગ પર ભુલભુલેયા જેવો ઘાટ સર્જાયો છે. લાંબા સમયની રજુઆતના અંતે તંત્ર દ્વારા આ ઠેકાણે સ્ટેશન તરફનો માર્ગ દર્શાવતુ બોર્ડ

● અનુસંધાન પાન-૭ પર

# સે. ૨૯ની કન્સ્ટ્રક્શન સાઈટને કારણદર્શક નોટીસ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેરના સે. ૨૯માં બહુમાળી મકાન બનાવી રહેલ કન્સ્ટ્રક્શન કંપની કતાર કન્સ્ટ્રક્શનને આજે શહેરી મેલેરિયા તંત્રએ આખરી નોટીસ ફટકારી અને તાત્કાલિક પગલાં ભરવામાં જો કંપનીના સંચાલકો નિષ્ફળ જશે તો તે સિલ કરવા સુધીના પગલાં લેવામાં આવશે તેવી સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે.

શહેરી મેલેરિયા તંત્રની ટીમ આજે બાંધકામ સાઈટ પર ગઈ હતી અને ત્યાંથી ખુબ મોટી સંખ્યામાં મચ્છરોના બ્રિડીંગ મળી આવ્યા હતા. વારંવારની સૂચનાઓ સાઈટ સંચાલકોને આપવામાં આવ્યા પછી પણ પગલાં ન લેવાતાં આજે મ્યુનિ. કમિશનરની સહિથી આ નોટીસ પાઠવવામાં આવી છે.

આજની નોટીસમાં જ્યુનીસયલ એક્ટ ૧૯૪૮ની કલમ ૨૯૬, ૩૧૯, ૩૧૫, ૩૧૬નો ભંગ થતો હોઈ તાત્કાલિક કાર્યવાહી કરવા સાઈટ સંચાલકને જણાવવામાં આવ્યું છે.

નોટીસમાં જણાવાયા મુજબ પાટનગર યોજના વિભાગ-૪ દ્વારા તમને આ કામ સોંપવામાં આવેલ છે પણ તપાસ દરમ્યાન આરોગ્ય વિષયક સુવિધાઓ અંગે જે ગંભીર પ્રકારની ત્રુટીઓ જણાઈ હોવાથી આ તમને નોટીસ આપવામાં આવી રહી છે.

તંત્ર દ્વારા અગાઉ પણ નોટીસ આપવામાં આવી હતી પરંતુ તેની કોઈ અસરો આજની તપાસ દરમ્યાન જોવા મળી ન હતી. આજે પણ ખુબ મોટી સંખ્યામાં મચ્છરોના બ્રિડીંગ મળી આવતાં તંત્રના અધિકારીઓ ચોંકી ઉઠ્યા હતા અને તાબડતોબ આ કારણદર્શક નોટીસ બજાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

# પ્રાંતિયામાંથી કોલેરા પોઝીટીવનો કેસ મળ્યો

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર તાલુકાના પ્રાંતિયા ગામેથી નવ વર્ષની દિકરીને કોલેરા પોઝીટીવ જણાતાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે.

મળતી વિગતો પ્રમાણે આ દિકરીને ઝાડા-ઉલ્ટીની ફરિયાદ હોવાથી ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લવાઈ હતી. જ્યાં આજે પરીક્ષણ દરમ્યાન કોલેરા પોઝીટીવ જણાયો હતો. હાલ દર્દીની સ્થિતિ સુધારા પર હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

ગાંધીનગર જિલ્લામાં કોલેરા પોઝીટીવના કેસોની સંખ્યા ૨૨ને પાર કરી ગઈ છે. આ વખતે છુટા છવાયા કોલેરાના કેસો મળી આવતાં તંત્ર પણ ચોંકી ઉઠ્યું છે.

જિલ્લા તંત્ર દ્વારા આ કેસને લઈ પ્રાંતિયામાં સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવી છે. જો કે કોઈ વધુ કેસ નહિ જણાયાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં આ વર્ષે પાણીજન્ય રોગચાળાએ જે રીતે માથુ ઉંચક્યુ છે તેને માટે પ્રતિકૂળ હવામાન તેમજ ખાસ કરીને અખાદ્ય ચીજવસ્તુઓના વેપારમાં થયેલી વૃદ્ધિ પણ જવાબદાર લેખવામાં આવી રહી છે. તંત્રએ આ માટે જનજાગૃતિ અભિયાન છેડવાનો નિર્ણય કર્યો છે.



ફ્રેન્ડશીપ ડે - આગામી રવિવારે ઉજવાનાર વર્લ્ડ ફ્રેન્ડશીપ-ડે માટે યુવાનોમાં ભારે ઉત્તેજના પ્રવર્તે છે... આજકાલ ફ્રેન્ડશીપ બેલ્ટની ખરીદી વ્યાપક પ્રમાણમાં થઈ રહી છે... મિત્રતાના સંદર્ભના શુભેચ્છા કાર્ડ પણ અલગ અલગ ડીઝાઈનમાં થોકબંધ બજારમાં ઠલવાયા છે...

# સે-૨૮ જી.આઈ.ડી.સી. વિસ્તારમાં ગટર લાઈનની સમસ્યા નિવારવા પાઈપલાઈનનુ કામ હાથ ધરાશે

**પાટનગર યોજના ભવન દ્વારા કોર્પોરેશનને ગ્રાન્ટ ફાળવવા રજુઆત કરવામાં આવી : ગ-માર્ગ સાથે લાઈનનુ જોડાણ આપવા અંદાજિત ૧ કરોડનો ખર્ચ**

ગાંધીનગર તા ૪

શહેરના જી આઈ ડી સી વિસ્તારમાં ગટર ઉભરાવાની સમસ્યા શિરદર્દ સમાન બની છે. આ વિસ્તારમાં રસ્તાઓનુ અસ્તિત્વ ભુસાઇ ગયુ છે. ત્યારે વર્ષો જુની ગટરલાઈન પણ અપગ્રેડ કરવાની અનિવાર્યતા ઉભી થઈ છે. ગટર લાઈનનુ ભારણ ઘટાડવા તંત્ર દ્વારા ગ માર્ગ પરની લાઈન સાથે ડાયવર્ટ કરવા માટે પાઈપલાઈનનુ કામ હાથ ધરવામાં આવશે. પાટનગર યોજના વિભાગ કોર્પોરેશન પાસે નાંણાકીય જોગવાઈ માટે દરખાસ્ત કરવામાં આવી છે.

શહેરમાં ગટરો ઉભરાવાની સમસ્યાએ હદ વટાવી છે. સેકટરોમાં છાશવારે ગટરો ઉભરાતા સ્થાનિક રહીશો તોબા પોકારી જાય છે. ત્યારે સે-૨૮ જી આઈ ડી સી વિસ્તારમાં માળખાગત સુવિધા સદંતર ખાડે ગઈ છે. રસ્તાઓનુ કામ દાયકાઓથી હાથ ધરવમાં આવ્યુ નથી. જેના પરિણામે માર્ગ વચાળે જ ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. ચોમાસા દરમિયાન આ વિસ્તારમાં જળબંબાકારની સ્થિતિ સર્જાય છે. બીજીતરફ જી આઈ ડી સી વિસ્તારમાં વર્ષો જુની ગટર લાઈન અપગ્રેડ ન થતા ગટરની સમસ્યા જટીલ બની છે. છાશવારે ગટરના દુષિત પાણી ઉભરાતા સ્થાનિક વેપારીઓ તેમજ મુલાકાતીઓ પણ તોબા પોકારી ગયા છે. આ વિસ્તારમાં દાયકાઓ જુની ગટરલાઈનની ક્ષમતા વધારવાની અનિવાર્યતા હોવાથી તંત્ર દ્વારા નવી એક પાઈપલાઈન નાંખી આ સમસ્યાને નિવારવા માટે ટુંકમાં કામગીરી હાથ ધરવામાં આવશે. જા કે પાટનગર યોજના વિભાગ દ્વારા આ માટે કોર્પોરેશનને નાંણાં ફાળવવા માટે દરખાસ્ત કરવામાં આવી છે . આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૧ કરોડનો ખર્ચ થાય તેમ છે. કોર્પોરેશન દ્વારા ગ્રાન્ટ ફાળવવામાં આવે તો વર્ષો જુની સમસ્યાનો અંત આવે તેમ છે.

# સેક્ટર-૨૨માંથી ડેન્ગ્યુનો કેસ મળ્યો

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેરના સે. ૨૨માંથી આજે એક ડેન્ગ્યુ પોઝીટીવનો કેસ મળી આવ્યો છે.

શહેરમાં ચોમાસાની આ સિઝનમાં ડેન્ગ્યુનો ત્રીજો કેસ મળી આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૨૨ના છ-ટાઈપ મકાનમાં રહેતા દર્દી અમદાવાદ ખાતે એસ. આર. પી.માં કમાન્ડો તરીકે ફરજો બજાવે છે અને આજે પરીક્ષણ દરમ્યાન તેને ડેન્ગ્યુ પોઝીટીવ જણાતાં અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે જ્યાં તેની તબિયત સુધારા પર છે.

શહેરી મેલેરિયા તંત્ર દ્વારા દર્દીના ઘરની આસપાસના વિસ્તારોમાં સર્વેલન્સની કામગીરી હાથ ધરી અને એન્ટી લારવેલની કામગીરી કરવામાં આવી છે.


શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... ૩૫મી વર્ષગાંઠ તેની
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.



મંડપ
કેટરીગ
લાઈટીગ
ફલાવરીગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.



ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૦૫૭૧



ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com